**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૮૧ ટકા

## આજે ગાંધીનગરમાં

**સામાજીક-સાંસ્કૃતિક**

● ઉદ્દગમ ટ્રસ્ટ દ્વારા બપોરે ૩ કલાકે સે. ૧૭ સ્થિત સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે બિયોન્ડ ફોર્ટી ઈઝ અ ન્યૂ ટ્વેન્ટી કાર્યક્રમ યોજાશે.

### સે. ૩-ડી ગણેશ મહોત્સવમાં મેયરની મુલાકાત

ગાંધીનગરના મેયર રીટાબેન પટેલે શનિવારે રાત્રે સેક્ટર-૩-ડી ખાતે યુવક મિત્ર મંડળ આયોજિત ગણેશ મહોત્સવની મુલાકાત લીધી હતી તે સમયે આયોજકો દ્વારા મેયરનું પુષ્પગુચ્છથી સ્વાગત-અભિવાદન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે શનિવારે સે. ૩-ડીના ગણેશ મહોત્સવમાં જાણીતા ગુજરાતી ગાયક વિજય સુંવાળાના ગરબા યોજાયાં હતા જેનો વરસાદી માહોલમાં પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ લાભ લીધો હતો. અત્રે સમગ્ર મહોત્સવ દરમ્યાન જાદુનો જલ્સો, સુંદરકાંડના પાઠ, હાસ્યોનો ડાયરો, ગોલ્ડનચીયર્સના રાસગરબા, વિવેકસાંચલા-મહેશ સોલંકી ડાયરો સહિતના અનેકવિધ કાર્યક્રમોનું આયોજન યુવકો દ્વારા કરવામાં આવ્યુ હતુ જેને ખૂબ પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો હતો.

# શહેરમાં શ્રીજી મૂર્તિનુ ભાવપૂર્વક વિસર્જન

## તંત્ર દ્વારા કૃત્રિમ કૂંડ બનાવાયા : શહેરીજનો દ્વારા ઈકો ફ્રેન્ડલી મૂર્તિનું વિસર્જન ઘર પાસે જ કરવામાં આવ્યુ





ગાંધીનગર, તા. ૮

ગણેશજીની ભક્તિ-અર્ચનાના સાતમા દિવસે શહેરમાં ઘણા ભાવિકો દ્વારા મૂર્તિ વિસર્જન કરવામાં આવ્યુ હતુ. વિસર્જન માટેના શહેરના હોટફેવરીટ પ્લેસ સંતસરોવર, ભાટ, કરાઈ, ધોળેશ્વર, ઈંદિરાબ્રીજ, અંબોડ જેવા અમુક જગ્યાએ નદીના ઊંડા પાણીમાં ડૂબી જવાના કિસ્સા બનતા નદીમાં વિસર્જન કરવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. દરેક જગ્યાએ કૃત્રિમ કુંડ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ઈકો ફ્રેન્ડલી શ્રીજીની મૂર્તિ પણ આ વર્ષે ભાવિકોએ અપનાવી છે. જેથી ઘર આંગણે જ વિસર્જન કરવાનુ દરેક પસંદ કરી રહ્યા છે. શહેરમાં ઘરે ઘરે, સોસાયટીઓમાં તથા સેક્ટરોમાં લગભગ ૬ થી ૭ જગ્યાએ મોટાપાયે ગણપતિજીની સ્થાપના કરાઈ હતી અને વિવિધ કાર્યક્રમો પણ યોજાયા હતા. મોટાભાગે સાતમા દિવસે ભાવપૂર્વક વિસર્જન થઈ ગયુ છે.

શહેરમાં શ્રીજીની સ્થાપના ધામધૂમથી કરવામાં આવી હતી તેમ વિસર્જન પણ ધામધૂમથી કરવામાં આવ્યુ. ગમેશજીની આરાધના માટે સેક્ટરોની સોસાયટીઓમાં પારિવારિક ઉજવણી માટે ઠેર ઠેર આયોજન કરવામાં આવ્યુ હતુ. સેક્ટરોમાં ઘરે ઘરે શ્રીજીની મૂર્તિનું સ્થાપન પણ ભાવિકો દ્વારા કરવામાં આવ્યુ હતુ. શહેરના વિવિધ ૬ થી ૭ સેક્ટરોમાં અલ્ટ્રામોર્ડન ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દિવ્ય મૂર્તિની શોભાયાત્રા, સ્થાપન, પૂજા-અર્ચના તથા વૈવિધ્યસભર કાર્યક્રમો યોજાયા હતા. ભક્તિની સાથે કલા અને સંસ્કૃતિનો શહેરમાં અનોખો સમન્વય જોવા મળ્યો હતો. ગણેશ વિસર્જન કૃત્રિમ કુંડમાં કરવા તંત્ર દ્વારા સુચના અપાઈ હતી. આ ઉપરાંત વિસર્જન દરમિયાન સ્થળો ઉપર આયોજનના ભાગરૂપે નેશનલ અને સ્ટેટ ડિઝાસ્ટર રિઝર્વ ફોર્સની ટીમોને તૈનાત કરવામાં આવી છે. વહીવટીતંત્ર દ્વારા સંતસરોવર કુંડ તથા તાલુકાકક્ષાએ પણ કૃત્રિમ કુંડોનું આયોજન કરવામાં આવ્યુ છે અને ત્યાં જ નગરજનો દ્વારા વિસર્જન કરવામાં આવ્યુ હતુ. મોટી સંખ્યામાં શહેરીજનો શ્રીજી મૂર્તિ વિસર્જનમાં ભાગ લીધો હતો. ઢોલનગારા અને અબીલગુલાલ સાથે નાચતા કુદરતા નાનાથી લઈ મોટેરા ઉત્સાહિત જોવા મળ્યા હતા વળી, અમુકની આંખમાં વિદાયવેળા ઝળહળીયા પણ આવી ગયા હતા.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

● છીછોરે
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૫, ૭.૪૦, ૧૦.૪૫
● ઈટ ચેપ્ટર ટુ
(હિન્દી) ૯.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૬.૫૫, ૧૦.૧૫
● સાહો
૯.૦૫, ૧૧.૪૫, ૩.૧૫, ૫.૪૫, ૬.૪૫, ૯.૧૫, ૧૦.૧૫
● મિશન મંગલ
૯.૧૦, ૩.૦૦, ૧૦.૩૦
● બાટલા હાઉસ
૧૨.૨૫
● ચિલ ઝડપ (ગુજરાતી)
૧૨.૨૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

● છીછોરે
૯.૨૦, ૧૦.૧૫, ૧.૧૫, ૩.૩૦, ૪.૨૦, ૭.૨૫, ૯.૩૦, ૧૦.૩૦
● ઈટ ચેપ્ટર ટુ
(અંગ્રેજી) ૧૨.૩૫, ૬.૪૫
(હિન્દી) ૯.૦૦, ૩.૧૫, ૧૦.૧૫
● સાહો
૯.૧૦, ૧૨.૦૦, ૩.૨૫, ૬.૫૦, ૯.૧૫, ૧૦.૧૫
● મિશન મંગલ
૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦
● ચિલ ઝડપ (ગુજરાતી)
૪.૦૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

● છીછોરે
૨-ડી (હિન્દી) ૯.૦૦, ૧૦.૩૦, ૧.૩૫, ૩.૧૦, ૪.૪૦, ૭.૪૫, ૯.૨૦, ૧૦.૫૦
● ઈટ ચેપ્ટર ટુ
૨-ડી (હિન્દી) ૮.૪૫, ૧૨.૧૫, ૩.૪૫, ૧૦.૪૫
૨-ડી (અંગ્રેજી) ૭.૧૫
● સાહો
૧૧.૩૦, ૩.૦૫, ૬.૪૦, ૧૦.૧૫
● મિશન મંગલ
૧૨.૦૫
● ચિલ ઝડપ (ગુજરાતી)
૬.૧૫



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.જી. પટેલ કન્યા શાળા દ્વારા ખેલ મહાકુંભમાં અંડર-૧૪ અને અંડર-૧૭ કબડ્ડી ટીમે તાલુકાકક્ષાએ પ્રથમ ક્રમ મેળવ્યો છે. અને જિલ્લાકક્ષાએ આ ટીમની પસંદગી કરવામાં આવી છે. જેમને માર્ગદર્શન શાળાના શિક્ષકો ઉર્વશીબેન જોષી અને હાર્દિકભાઈ પટેલ દ્વારા પુરૂ પાડવામાં આવ્યું હતું.



શિક્ષક દિવસની વિશેષ રીતે ઉજવણી - રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગરમાં ભણતી બીજા ધોરણની વિધાર્થી બહેન યાશી સિલાવટે શિક્ષક દિવસની ઉજવણીના અવસરે વિશેષ રીતે પર્યાવરણ જાગૃત્તિને ધ્યાનમાં રાખી તેમની માતાશ્રી પૂજા સિલાવટની સાથે રહી પોતાની શિક્ષકા બહેન શ્રી હરપ્રીત કૌરને ગુલાબના રોપા આપી પર્યાવરણ જાગૃત્તિના સરસ સંદેશો આપ્યો હતો અને નાના બાળકોમાં પણ પર્યાવરણ અને વૃક્ષોના પ્રત્યે પ્રેમ અને લાગણીની ભાવના પૈદા થાય એવી સરસ મિસાલ અને દાખલા આપવાની પ્રેરણા આપી છે.



વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષામાં પરીક્ષાર્થીઓને ઉપયોગી થઈ પડે તેવી ૩૫૦ પ્રશ્નો અને તેના જવાબો સાથેની ''પ્રશ્નાવલી'' પુસ્તિકાનો વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં એમ.બી. પરમાર (આઈએએસ નિવૃત્ત), પી.કે. ગઢવી (આઈએએસ નિવૃત્ત), કે.ડી. કાપડીયા (આઈએએસ) પી.એમ. ચાવડા, નટુભાઈ પરમાર, દિનુ ભદ્રેસરીયા તથા જીતુભાઈ વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



**વિસર્જન પૂર્વે શ્રીજીને અન્નકૂટ ધરાવાયો**

ચોતરફ ગણેશ ઉત્સવની ધૂમ જામી છે અને ગાંધીનગરમાં ઘર ઘર ગણેશજી પધાર્યા હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. શહેરમાં રહેણાંક ઉપરાંત અનેક વાણિજ્ય એકમો દ્વારા પણ ગણેશ સ્થાપન કરવામાં આવ્યું હતું. શહેરની મધ્યમાં ઘ-૫ સર્કલે ગણેશ કેડ સેન્ટર ખાતે છેલ્લાં પાંચ વર્ષથી ગણેશ સ્થાપન કરવામાં આવે છે. અત્રે રવિવારે સવારે વિસર્જન પૂર્વે ગણપતિ બાપાને અન્નકૂટ ધરાવાયો હતો તથા શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પીયુથ ક્લબની ટીમને આરતી ઉતારવા નિમંત્રિત કરવામાં આવી હતી જેના સ્વયંસેવકો-હોદ્દેદારોએ શ્રીજી મહારાજની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી.



સાર્વજનિક ગણેશોત્સવની સુવર્ણ જયંતિ નિમિત્તે શનિવારના રોજ ગુજરાત રાજ્ય સંગીતનાટક અકાદમી ઉપક્રમે સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ સે. ૨૨ના આયોજન હેઠળ જેઓએ રાષ્ટ્રીયફલક ઉપર નામના મેળવી છે તેવા ગુજરાતના માયાભાઈ આહીરનો ડાયોર યોજાયો હતો. લોકડાયરામાં હજારોની સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં નિશિતભાઈ વ્યાસ, અરૂણભાઈ બુચ, રાકેશ જાની, નિકિલ જોષી, મુકેશ મારૂ દ્વારા માયાભાઈ આહીરનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતુ. માયાભાઈ દ્વારા હાસ્ય અને લોકગીતોના રસપાન દ્વારા દરેકનુ મન જીતી લીધુ હતુ.

# સુઘડ પાસે યુવતિને ચપ્પુ બતાવી મોબાઈલ લૂંટી બે શખ્સો ફરાર

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નજીક આવેલા અડાલજ પોલીસ મથકના વિસ્તારમાં રોજ બરોજ લુંટના બનાવો વધી રહ્યા છે. રીક્ષામાં તેમજ ઉભા રહેલા એકલ દોકલ વ્યકિતને લુંટારુ ટોળકીના સભ્યો ટાર્ગેટ કરે છે. ત્યારે સુઘડ કેનાલ પાસે મોર્નીંગ વોક કરતી યુવતિને ચપ્પુ બતાવી મોબાઈલ લઈ બાઈક પર આવેલા બે શખ્સો પલાયન થઈ ગયા હતા.બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અમદાવાદના ચાંદખેડા વિસ્તારના ન્યું સી.જી.રોડ પર આવેલા પાર્ક એવન્યું સી-૩૩ ખાતે રહેતી શ્વાતિ મુકેશભાઈ પ્રજાપતિ ગત તા.૧લી ને રવિવારના રોજ સવારે સુઘડ કેનાલથી ડાભી બાજુ ઝુંડાલ તરફ જતી કેનાલ પર વોકીંગ કરી રહ્યા હતા. તે સમયે અચાનક પાછળથી બાઈક પર બે શખ્સો આવી પહોચ્યા હતા.આ માર્ગ કયાં જાય છે તેમ પુછીને યુવતિ માર્ગ બતાવે તે પહેલા બાઈક પર બેઠેલા એક શખ્સે ચપ્પુ બતાવીને યુવતિનો મોબાઈલ માંગ્યો હતો. જો કે યુવતિએ આનાકાની કરતા શખ્સે યુવતિને લાફો મારીને મોબાઈલ લુંટી લીધો હતો અને ગણતરીની મીનીટમાં ફરાર થઈ ગયા હતા.બનાવને પગલે ગભરાયેલી યુવતિ એ બાઈક નંબર પણ નોંધ્યો નથી પરંતુ બાઈક ચાલક યુવક શ્યામ રંગનો અને મજબુત બાંધાનો હતો. યુવતિએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સેક્ટર-૮ ખાતે જુગાર રમતા ચાર જુગારી ઝડપાયા

ગાંધીનગર શહેરના સેક્ટર-૮ બી ખાતે ઘરમાં જુગાર રમી રહેલા ચાર શખ્સોને સેક્ટર-૭ પોલીસે દબોચી પાડ્યા છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડા, મોબાઈલ અને એકટીવા સહિત કુલ રૂ. ૭૯,૮૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેક્ટ-૮ બી ખાતે પ્લોટ નં ૪૯૫-૧ ખાતે રહેતા પ્રકાસ ક્રિશ્ચિયન, સરગાસણ ખાતે રહેતા ચંદ્રકાંત પટેલ, સેકટર-૭ ખાતે રહેતા કનુભાઈ પંડયા અને રેઈન ફોરેસ્ટ સરગાસણ ખાતે રહેતા અમૃત ડાહ્યાભાઈ શાહને સેકટર-૭ પોલીસે બાતમીને આધારે જુગાર રમતા પકડી પાડ્યા હતા.

# હવે, ઈકો-ફ્રેન્ડલી સ્થાપન સાથે ઈકો-ફ્રેન્ડલી વિસર્જન પણ શીખી લઈએ

## ગણેશજીને વિદાય આપતા નિશ્ચિત કરો કે કોઈ ડૂબે નહી કે ક્યાંય ટ્રાફિક જામ ના થાય : દરેક ધાર્મિક ઉત્સવને ઉજવતા ડી.જે. સાઉન્ડના ઘોંઘાટને બદલે શ્રદ્ધાનું વિવેકભાન કેળવીએ




ગાંધીનગર, તા. ૮

લો, ફરી એકવાર ગણેશ ઉત્સવનું સમાપન થયું અને વિસર્જન ટાણે અનેક સ્થળે શ્રદ્ધાળુ યુવાનોના ડૂબી જવાથી મોત થયાના સમાચારો પણ ચમક્યાં છે. બાયડ પાસેના કેશરપુરા ગામે વાત્રક નદીમાં એક સાથે સાત યુવાનો ડૂબ્યાં તો ગાંધીનગરના કરાઈ પાસે અમદાવાદના બે ભાઈઓ ડૂબી ગયા. અરે વિસર્જન તો ઠીક પરંતુ ગણેશજીની મૂર્તિ લાવતી વખતે અંકલેશ્વરમાં ઈલેક્ટ્રિક લાઈનનો લાઈવ કેબલ ઊંચો કરવા જતા એક કિશોર બળીને ભડથું થઈ ગયો હતો કેમકે ગણેશજીની મૂર્તિ ૨૭ ફૂટ ઊંચી હતી. આમ પણ છાશવારે આપણે શ્રદ્ધાના નામે ધાર્મિક ઉન્માદકતાનો ભોગ બનતા રહીએ છીએ પછી ભલે તે જન્માષ્ટમી નિમિત્તે મટકીફોડ કે દહીં હાંડી હોય અથવા કોઈ ચોક્કસ મંદિરે ચોક્કસ તિથીએ દર્શન કરવા માટે થયેલી ધક્કામુક્કી હોય. બબ્બે મહિના સુધી કરોડો શ્રદ્ધાળુઓના ધસારાનું નિર્વિઘ્ને વ્યવસ્થાપન કરી ''મહાકુંભ'' મેળાનું આયોજન કરવાની તાકાત ધરાવતા આ દેશમાં હવે ઈકો-ફ્રેન્ડલી ગણેશ સ્થાપન તો થવા લાગ્યું છે, જરૂર છે તો માત્ર તે જ ગણેશજીનું ''ઈકો ફ્રેન્ડલી વિસર્જન'' કરતા પણ શીખવાની.



અષાઢી બીજથી શરૂ થતી ધાર્મિક તહેવારોની વણથંભી વણઝાર ધાર્મિકતાનો ઉન્માદ ક્યારેક એટલો જગાવે છે કે તેમાં શ્રદ્ધાળુઓ અનેકવાર સારા-નરસાંનું ભાન ભુલી જાય છે અને શરૂ થાય છે માત્ર શ્રદ્ધાને મોટી દેખાડવાની હોડ. આ હોડમાં ગાયો ચારતા ગોવાળ કાનુડાથી માંડીને ફાટેલા કપડાં પહેરીને પણ ભૂખ્યાંજનોના જઠરાગ્નિ શમાવતા સાંઈબાબા કે જલારામ બાપાની મૂર્તિઓ પર કરોડોના આભૂષણો ચઢી જાય છે. ગણેશ વિસર્જન બાદ ગણપતિની કે દશામાના વ્રત બાદ દશામાની મૂર્તિઓની હાલત ભલભલા અશ્રદ્ધાળુઓનો પણ આત્મા ડંખી ઉઠે અથવા કાન ફાડી નાંખે તેવા ઘોંઘાટ સાથે ડીજે સાઉન્ડ વગાડતા વિસર્જનના વરઘોડાથી વારંવાર ટ્રાફિકને ''ચક્કાજામ'' સ્થિતિમાં લાવી મૂકવો તે સામાન્ય બાબત માનીએ છીએ. ભાદરવી પૂનમે ભરાતા અંબાજીના મેળામાં જતા પદયાત્રીઓની સેવા સાથે સેવા કેમ્પોમાં અત્યંત મોટા અવાજે સતત દિવસ-રાત સાઉન્ડ સીસ્ટમ વગાડી આસપાસમાં કોઈ હોસ્પિટલ હશે કે રહેણાંકમાં અશક્ત વડિલો અથવા જીવન કારકિર્દી ઘડવા મહેનત કરતા વિદ્યાર્થીઓ હશે તે સિફતપૂર્વક ભુલાવી દઈએ છીએ. શોપીંગ કોમ્પ્લેક્ષમાં ગણ્યાંગાંઠ્યા વ્યસનીઓની થુંકવાની આદત છોડાવી શકવાને બદલે ગંદકી ના થાય તે માટે દેવી-દેવતાઓની તસ્વીરોનો ઉપયોગ કરતાં આપણે અચકાતા નથી પરંતુ જો કોઈ શ્રાવણ માસમાં દૂધ નહી વેડફવાની સલાહ આપે તો અધર્મી કે વિધર્મી કહી પોતાનો જ કક્કો ખરો કરાવવા ગમે તે હદે જતા પણ આપણે અચકાતા નથી. એવુ નથી કે અન્ય ધર્મોમાં પણ કોઈ દૂષણો કે અંધશ્રદ્ધા જોવા નથી મળતી પરંતુ જ્યાં આપણું પોતાનું જ ઘરઆંગણુ ચોખ્ખું ના હોય ત્યારે બીજા સામે આંગળી ચીંધવી કેટલી વ્યાજબી લેખાય ?

ભારતીય સંસ્કૃતિમાં શ્રદ્ધાના બળે ઝેરના પ્યાલા અમૃત થયા હોય કે મૃત દિકરા સજીવન થયા હોય તેવા અઢળક કિસ્સા



ધાર્મિક શાસ્ત્રો અથવા ઈતિહાસના પાને પાને ભર્યા પડ્યાં છે. આજ શ્રદ્ધાના જોરે આપણે નવરાત્રિના ઉપવાસ સાથે અથવા અઠ્ઠાઈ કે ચાતુર્માસ જેવી તપસ્યાઓ સાથે રોજીંદા કાર્યો હસતા મોઢે કરી શકીએ છીએ તે પણ એક નિર્વિવાદ હકીકત છે. ભક્તિ સંગીતના સથવારે વધુ પ્રબળ બને છે. આપણે ઢોલ-મંજીરાના સ્થાને ભલે ડીજે સાઉન્ડ અપનાવી લીધુ પરંતુ તેના અવાજના નિયમનનું બટન પણ આપણા હાથમાં જ હોય છે ને ? આ બટનનો કોઈના ઘરના દિવાનખંડમાં યોજેલા આનંદના ગરબાથી માંડીને નવરાત્રિ-ગણેશ મહોત્સવના આયોજન વખતે કરેલો યોગ્ય ઉપયોગ આપણી શ્રદ્ધાને વધુ બળ આપશે તેમાં કોઈ મીનમેખ નથી. આ વખતે ગણેશજીના વિસર્જન કે નવરાત્રિના અખંડ દિવા પ્રગટાવતા સંકલ્પ કરીએ કે આપણી શ્રદ્ધાને દેખાદેખીની હોડથી બચાવીશુ પછી ભલેને હોડ મૂર્તિની ઊંચાઈ કે શણગારની હોય, સાઉન્ડ સીસ્ટમ વગાડવાની કે શોભાયાત્રા કાઢવાની હોય, ઉત્તરાયણમાં પતંગ ચગાવવાની હોય કે ધુળેટીમાં ઉન્માદથી રંગે રમવાની હોય..!!

''શ્રદ્ધા જ મારી લઈ ગઈ
મંઝીલ પર મને,
હું ફર્યો તો દિશાઓ ફરી
ગઈ...''

- ગની દહીંવાલા

પ્રતિભાવો આવકાર્ય :
Samirtalod@Yahoo.com